ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

"વિજ્ઞાન ભવન" પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

GUJARAT COUNCIL ON SCIENCE AND TECHNOLOGY GOVERNMENT OF GUJARAT

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

## અખબાર યાદી

Date : 11th January, 2017

પ્રતિ,

તંત્રી શ્રી,

..................................................................................., ભાવનગર.

**નોબેલ પારિતોષિક શ્રેણી પ્રદર્શન અને સંવાદની મુલાકાતની મુલ્યવાન તક**

**સાયન્સ સીટી, અમદાવાદ ખાતે થયેલ આયોજન**

મુલાકાત માટે લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા ભાવનગર જીલ્લાનું સંકલન કરવામાં આવશે.

ગુજરાત સરકારના વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગના પેટા વિભાગ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર દ્વારા સંવર્ધિત કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર જીલ્લાભરમાં વિજ્ઞાનને આમ જનતા સુધી પહોંચાડવાના ઉમદા હેતુથી પ્રયત્નશીલ રહ્યુ છે.

જે અંતર્ગત વાઈબ્રન્ટ ગુજરાત ૨૦૧૭ના ભાગ રૂપે ગુજરાત સરકારના ડીપાર્ટમેન્ટ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર અને ગુજરાત સાયન્સ સીટી, અમદાવાદ દ્વારા "નોબેલ પારિતોષિક શ્રેણી પ્રદર્શન અને સંવાદ"નું આયોજન કરવામાં આવેલ છે. આ પ્રદર્શનનું ઉદઘાટન માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે તા. ૦૯ જાન્યુઆરી, ૨૦૧૭ના રોજ કરવામાં આવેલ. જેમાં વિશ્વભરના વિવિધ ક્ષેત્રોના નોબેલ પારિતોષિક વિજેતાઓ તેમના જીવન, કરેલ કામો તેમજ નોબેલ પારિતોષિક વિષે વિવિધ રસપ્રદ માહિતીઓ આપશે. પ્રદર્શનના મુખ્ય આકર્ષણોમાં બર્લિન વોલના ટુકડાના આર્ટફેક્સ, નોબેલ પારિતોષિકના સ્થાપક આલ્ફ્રેટ નોબેલની ટ્રાવેલિંગ બેગની રેપ્લિકા તેમજ અત્યાર સુધીમાં નોબેલ પારિતોષિક વિજેતા બનેલા ૯૦૦ નોબેલ લોરેટ્સ વિશેની ઓડિયો વિઝ્યુઅલ માહિતી મુલાકાતીઓને મળશે. ૭૦૦ ચોરસ મીટરમાં ફેલાયેલા આ પ્રદર્શનને એક સાથે ૨૦૦ મુલાકાતીઓ માણી શકશે. આ પ્રદર્શનથી વિદ્યાર્થીઓ, શિક્ષકો ઉપરાંત સમાજના તમામ વર્ગના લોકોને નીબેલ વિજેતાઓ અંગે તેમના જીવન અને સંશોધન અંગેની માહિતી ખુબજ રસપ્રદ રીતે મળી રહે અને બાળકોમાં વૈજ્ઞાનિક અભીગમ અને ઉત્સુકતા વધારવા આ પ્રદર્શન એક માધ્યમ બનશે.

પ્રદર્શન તા. ૧૦ જાન્યુઆરી, ૨૦૧૭ થી તા. ૧૨ ફેબ્રુઆરી, ૨૦૧૭ દરમ્યાન સવારે ૧૦:૦૦ કલાક થી સાંજે ૮:૦૦ કલાક દરમ્યાન **ગુજરાત સાયન્સ સીટી, અમદાવાદ** ખાતે જાહેર જનતા માટે ખુલ્લું રહેશે. આપની શાળાના વિદ્યાર્થીઓને આ પ્રદર્શનનો વધુમાં વધુ લાભ લેવા

...2

માટે ડૉ. નરોત્તમ સાહુ, સલાહકારશ્રી, ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર અને ડૉ. ભાવેશભાઈ ભરાડ, ચેરમેન- કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગરના દ્વારા અનુરોધ કરાયો છે.

**ભાવનગર જીલ્લા માટે આ પ્રદર્શન નિહાળવા માટે કોઈ એક દિવસ ફાળવવામાં આવનાર છે.** મુલાકાત માટેનું સંકલન કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર ભાવનગર દ્વારા કરવામાં આવશે. જે અંગેની વધુ માહિતી માટે **કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,** ભાવનગર પર **સવારના ૧૦:૦૦ થી સાંજના ૦૫:૦૦ દરમ્યાન ફોન નં. ૦૨૭૮ – ૨૫૭૦૧૧૦ / ૧૧૧, E-mail** (krcscbvn@gmail.com) અથવા રૂબરૂ સંપર્ક કરવો.

11-1-17

(હર્ષદ જોષી)
ઓફીસ ઇન્ચાર્જ,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.